પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ, અમદાવાદ
વિશેષશાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦
Email:Spl1-ahd@gujarat.gov.in

## :- જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ હુકમ**

**ક્રમાંક: વિશેષ શાખા/ એ સેકશન/વિ.સા.ચૂંટણી /૧૩૫/૨૦૨૨ તા- ૦૩/૧૨/૨૦૨૨**

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી -૨૦૨૨ અન્વયે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ના પત્ર ક્રમાંક:ઈએલસી/૨૫૨૦૨૨/૩૭૨૯/છ તા.૨૮/૧૧/૨૦૨૨ તથા કલેક્ટરશ્રી અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, અમદાવાદ ના પત્ર ક્રમાંક:ઈએલસી/ વિ.સ.સા.ચૂ/ કાઉન્ટીંગ સેન્ટર/ ફરજ સોંપણી/ ૨૦૨૨ તા.૦૧/૧૨/૨૦૨૨ થી પત્રમાં જણાવ્યા અનુસાર તા.૦૫/૧૨/૨૦૨૨ ના રોજ મતદાન યોજાનાર છે. જેની મત ગણતરી તા:૦૮/૧૨/૨૦૨૨ ના રોજ અમદાવાદ (૧) કોમર્સ કોલેજ બીલ્ડીંગ, ગુજરાત કોલેજ, કેમ્પસ, એલીસબ્રીજ (૨) એલ.ડી.એન્જીનીયરીંગ કોલેજ, નવરંગપુરા, ગુજરાત યુનિવર્સીટી પાસે (૩) ગર્વમેન્ટ પોલીટેકનીક કોલેજ, આબાંવાડી ખાતે થનાર છે. આ મતગણતરી શાંતીપુર્ણ રીતે અને સુમેળ ભર્યા વાતાવરણમાં પુર્ણ થાય તે માટે જાહેર સલામતી કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે જરૂરી છે.

વાસ્તે હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકાર ની રુએ નીચે પ્રમાણે ફરમાવુ છુ.

(૧) મત ગણતરી મથકની અંદર, કમ્પાઉન્ડમાં કે, મત ગણતરી મથકની ચારેય બાજુની ૨૦૦ મીટરની ત્રીજ્યા ના વિસ્તારમા કોઇપણ વ્યકિતએ સેલ્યુલર/મોબાઇલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશા વ્યવહારના અન્ય કોઇ વિજાણુ સાધનો લઇ જવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છુ.

(૨) મત ગણતરી મથકની અંદર, કમ્પાઉન્ડમાં કે, મત ગણતરી મથકની ચારેય બાજુની ૨૦૦ મીટરની ત્રીજયાના વિસ્તારમાં કોઇ પણ વ્યકિત વાહનો લઇ જઇ શકશે નહિ અથવા પાર્ક પણ કરી શકશે નહિ. વાહનોનો અર્થ પરિવહનના હેતુ માટે ઉપયોગમાં લઇ શકાય તેવા યંત્ર શકિતથી કે અન્ય રીતે ચાલતા કોઇ પણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

(3) મત ગણતરી મથકની અંદર, કમ્પાઉન્ડમાં કે, મત ગણતરી મથકની ચારેય બાજુની ૨૦૦ મીટરની ત્રીજયાના વિસ્તારમાં કોઇ પણ વ્યકિત બાકસ (માચીસ) લાઇટર, ગેસ લાઇટર કે અન્ય સળગાવી શકાય તેવા પદાર્થો કે, ચીક વસ્તુઓ લઇ જઇ શકશે નહિ કે તેનો ઉપયોગ કરી શકશે નહિ.

**આ હુકમમાં નીચેના અપવાદ છે.**

કાયદો અને વ્યવસ્થાના ઇન્ચાર્જ અધિકારીશ્રીઓ અને મત ગણતરી મથક અને તેની આસપાસ ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વીધીસરની ફરજ દરમ્યાન સેલ્યુલર/મોબાઇલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટનો વગેરેનો ઉપયોગ કરી શકશે.આજ પ્રમાણે ભારતના ચુટણી પંચે નિમેલા નિરીક્ષકો અને મત ગણતરીની ફરજોનો હવાલો ધરાવતા અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તેમની વિધીસરની ફરજ દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

## -:શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતના સંહિતાની કલમ ૧૮૮ હેઠલ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તા:૦૮/૧૨/૨૦૨૨ ના કલાક ૦૦.૦૦ થી મત ગણતરી પુરી થાય ત્યા સુધી અમલમા રહેશે.

-:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે

આજ તા. ૦૩/૧૨/૨૦૨૨ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના:

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(3) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, જીલ્લા ચૂંટણી અધિકારી અમદાવાદ શહેર/ગાંધીનગર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ,અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સેસન્શ કોર્ટ ભદ્ર, અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત પોલીસ કમિશનરશ્રી,ટ્રાફિક,વહિવટ,મુખ્ય મથક, સેકટર -૨,અમદાવાદ શહેર.
(૧૭) અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટર -૧ / ક્રાઈમ બ્રાંચ અમદાવાદ શહેર.
(૧૮)મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.
(૧૯) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૦) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ રીજીયન અમદાવાદ.
(૨૧) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૨) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૩) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે,એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.સબ.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website)ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)

(૨૯) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, સાબરમતી.

(૩૦) મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.